# ધોરણ 12 સામાન્ય પ્રવાહ પછી શું?

BCA | BBA | B.Com. | BA | B.Voc. | BSW | CA | CS | LLB




ધોરણ–12 સામાન્ય પ્રવાહ પછી અભ્યાસ માટેના વિવિધ વિકલ્પો ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીએ નિર્ણય લેવો પડે છે કે ક્યો કોર્ષ પસંદ કરવો કે જેથી આવનારા 30 થી 40 વર્ષની કેરિયર પોતાની પસંદગીના ફીલ્ડમાં બનાવી શકાય. વિદ્યાર્થીમિત્રો, આ તમારી જીંદગીનો સૌથી અગત્યનો નિર્ણય છે માટે શાંતિથી વિચારીને, સમજણપૂર્વક માહિતીનો અભ્યાસ કરીને, ભવિષ્યને ધ્યાનમાં લઈને નિર્ણય કરવો જોઈએ.

**આ બુકલેટમાં આપેલી માહિતી તમને સાચો નિર્ણય લેવામાં મદદરૂપ થશે...**

## કોર્ષની પસંદગી કેવી રીતે કરવી?

વિદ્યાર્થીમિત્રો, નીચેના 3 પરીબળોને આધારે જો તમે કોર્ષની પસંદગી કરશો તો કેરીયરમાં સરળતાથી સફળતા મેળવી શકશો.

- **ધોરણ-12માં શું રીઝલ્ટ આવે છે અને કેવી કેરીયર બનાવવી છે.**
- **આપણા દેશમાં ક્યા ક્ષેત્રોમાં સુવર્ણ તકો છે અને હજી ભવિષ્યમાં વધારે સર્જાશે.**
- **કુટુંબની આર્થિક અને સામાજીક પરિસ્થિતિના આધારે.**

### મારે બધાથી અલગ કરવું છે તો શું કરૂ?

આજકાલ ઘણાબધા વાલી અને વિદ્યાર્થીઓ એવું માને છે કે જીવનમાં સફળ થવા માટે બધાથી અલગ કરવુ જરૂરી છે. હકીકતમાં બધાથી અલગ નહી પણ બધાથી સારૂ કરવાનું હોય છે. જો બીજા કરતા સારો દેખાવ કરશો તો આપમેળે અલગ તરી આવશો અને દુનીયામાં ટોપ પર પહોંચી જશો.

**વાલી અને વિદ્યાર્થીઓને ખાસ નિવેદન છે કે આપણા શહેર, રાજ્ય કે દેશમાં જેની માંગ હોય તેને લગતો જ અભ્યાસક્રમ પસંદ કરવો જોઈએ.**

### કેરીયરના પ્રકાર

| વારસાગત (Hereditary) | પ્રતિભાગત (Talent) | અભ્યાસગત (Education) |
|---|---|---|
| સોની, દરજી, સુથાર, લુહાર, વણકર વગેરે વારસાગત વ્યવસાય છે જેના માટે માત્ર બેઝીક ભણતર જ જરૂરી છે. 1-2 વર્ષના અનુભવથી કેરીયરની શરૂઆત કરી શકાય છે. | ક્રિકેટર, એક્ટર, સીંગર, ડાન્સર વગેરે કુદરતી બક્ષીસ આધારીત કેરીયર છે જે **એક કરોડમાં એકને** જ હોય છે. ફક્ત ટ્રેનીંગથી આ કેરીયર બનાવી શકાતી નથી. | ડોક્ટર, એન્જીનીયર, ટીચર, વકીલ, CA, CS, મેનેજર વગેરે કેરીયર અભ્યાસથી બનાવી શકાય છે. કોઈપણ વિદ્યાર્થી મહેનત કરીને આ ક્ષેત્રોમાં ટોચ પર પહોંચી બેસ્ટ કેરીયર બનાવી શકે છે. |

## NEW INDIAમાં દરેક ક્ષેત્રમાં દિવસે ને દિવસે તકો વધી રહી છે....




Sector-wise GDP of India

- ભારતમાં કોઈપણ ક્ષેત્રમાં જબરદસ્ત તકો રહેલી છે, ખાસ કરીને સર્વિસ સેક્ટરમાં.
- આપણા દેશના કુલ GDPમાં અડધા કરતાં પણ વધારે ફાળો સર્વિસ સેક્ટરનો રહેલો છે અને ધોરણ–12 સામાન્ય પ્રવાહ બાદના મોટા ભાગના અભ્યાસક્રમો કર્યા પછી સર્વિસ સેક્ટરમાં નોકરીની પુષ્કળ તકો રહેલી છે.
- આ ઉપરાંત આપણા દેશમાં ટેક્સનું કલેક્શન (ઈન્કમટેક્સ અને જીએસટી) દર વર્ષે વધી રહ્યું છે એટલે કે બિઝનેસ અને પ્રોફીટ બંને વધી રહ્યા છે. વર્ષ 2021 સુધીમાં 65,000+ જેટલા નવા સ્ટાર્ટ–અપ શરૂ થયા છે જેમા અંદાજિત 5,50,000 થી વધુ નવી નોકરીની તકો ઊભી થઈ છે.

**આજના યુગનો વિદ્યાર્થી ખરેખર નસીબદાર છે કારણકે આપણાં દેશમાં દરેક ફિલ્ડમાં અઢળક તકો રહેલી છે અને નવી નવી દિશાઓ ખૂલી રહી છે. વિદ્યાર્થી કોઈપણ કોર્ષમાં મહેનત, લગન અને ધૂનથી અભ્યાસ કરીને સારું નોલેજ અને સ્કીલ મેળવે તો સરળતાથી ઉજ્જ્વળ કારકિર્દી બનાવી શકે છે. જરૂરીયાત છે માત્ર ફોકસ્ડ રહીને કામ કરવાની.**

## ધો.–12 સામાન્ય પ્રવાહ પછી વિવિધ અભ્યાસક્રમોની તકો

### BBA (બેચલર ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન)

બિઝનેસ અને કોર્પોરેટ મેનેજમેન્ટમાં આકર્ષક કારકિર્દી માટે BBA બેસ્ટ કોર્ષ છે. બેન્કિંગ, ફાઇનાન્સ, ઇન્સ્યોરન્સ, માર્કેટિંગ, રિક્રુટમેન્ટ, એજ્યુકેશન, રીટેઈલ, મેન્યુફેક્ચરિંગ, સ્ટાર્ટ–અપ વગેરેમાં જોબ માટેની સારી તકો છે. પ્રાઇવેટ કંપનીઓમાં ફાઇનાન્સ, માર્કેટિંગ અને HRને લગતી જોબ માટે બહોળી સંખ્યામાં BBA ગ્રેજ્યુએટસની જરૂરીયાત હોય છે. જે વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ફેમીલી બિઝનેસમાં જોડાવા ઇચ્છતા હોય એમના માટે પણ આ કોર્ષ ઉપયોગી છે. BBA બાદ MBA કરવાથી તકો અનેકગણી વધી જાય છે. 70% જોબ સેલ્સ અને માર્કેટીંગની છે.

### B.Com. (બેચલર ઓફ કોમર્સ)

B.Com. કર્યા બાદ વિદ્યાર્થીઓ બેંક, ઇન્સ્યોરન્સ, ફાઇનાન્સ તેમજ વિવિધ કોર્પોરેટ સેક્ટરમાં સારી કારકિર્દી બનાવી શકે છે. કોઇપણ બિઝનેસને એકાઉન્ટીંગ મેનેજ કરવા માટે B.Com. ગ્રેજ્યુએટ્સની જરૂર પડે છે. આ કોર્ષમાં બેન્કિંગ, ફાઇનાન્સ, એકાઉન્ટિંગ અને ટેક્સેશન જેવા વિષયોનો અભ્યાસ આવતો હોવાથી જે વિદ્યાર્થીઓ પોતાનો બિઝનેસ શરૂ કરવા ઇચ્છતા હોય અથવા તો ફેમિલી બિઝનેસમાં જોડાવા ઇચ્છતા હોય તેમના માટે પણ આ કોર્ષ ઉપયોગી છે. જો મેથ્સમાં રૂચી હોય તો B.Com. વધારે અનુકુળ આવશે.

### BCA (બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન)

BCA ગ્રેજ્યુએટ્સ આઇ.ટી. કંપનીમાં ડેવલોપર (સોફ્ટવેર, વેબસાઇટ, મોબાઇલએપ), સપોર્ટ એક્ઝિક્યુટિવ, એડમિનિસ્ટ્રેટર (ડેટાબેઝ, નેટવર્ક, સિક્યુરીટી), બિઝનેસ ડેવલોપર એક્ઝિક્યુટિવ તરીકે કામ કરે છે. ઇન્ડસ્ટ્રીઝમાં બિઝનેસ પ્રોસેસને સરળતાથી ચલાવવા માટે ERP, MIS, CRM, Mobile Apps વગેરેનો ઉપયોગ થાય છે. તેમના ડેવલોપમેન્ટ અને સપોર્ટ માટે બહોળા પ્રમાણમાં BCA ગ્રેજ્યુએટસની જરૂર પડે છે. BCA બાદ MCA કરવાથી B.Tech. Computer (Computer Engineering)ને સમકક્ષ જોબ મળે છે તેથી પગારમાં ઘણો વધારો મળે છે.

### BA (બેચલર ઓફ આર્ટ્સ)

BA - B.Ed કરેલ વિદ્યાર્થીઓને પ્રાથમિક અને માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી મળી શકે છે, જેના માટે TAT અને TET પરીક્ષા આપવી પડે છે. કોલેજ અને યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે પણ સારી તકો છે. આ ઉપરાંત કંપનીઓમાં મદદનીશ, કન્ટેન્ટ રાઇટર, વગેરે જેવી નોકરીની તકો રહેલી છે. વિવિધ અખબારો અને બિઝનેસ ચેનલોમાં ન્યુઝ રીપોર્ટર, જર્નાલિસ્ટ, એડિટર માટે પણ જરૂરીયાત હોય છે.

### B.Voc. (બેચલર ઓફ વોકેશન)

B.Voc. સ્કીલ આધારીત કોર્ષ છે જે થિયરીટીકલ નોલેજને બદલે ડાયરેક્ટ એપ્લીકેશન આધારીત છે. હેલ્થકેર, મેન્યુફેક્ચરિંગ, ઓટોમોબાઇલ, ટુરીઝમ, એગ્રીકલ્ચર, માર્કેટિંગ, ગ્રાફિક ડીઝાઇન અને પ્રિન્ટીંગ, બ્યુટી અને વેલનેસ વગેરે જેવી વિવિધ ઇન્ડસ્ટ્રીઝની કાર્યશૈલી અને સ્કીલની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને આ કોર્ષ ડિઝાઇન કરવામાં આવે છે. આ કોર્ષ વિદ્યાર્થીને ઇન્ડસ્ટ્રી–રેડી બનાવે છે જેથી કોર્ષ પૂર્ણ કર્યા બાદ તરત જ જોબ મળી જવાની શક્યતાઓ વધી જાય છે. આ કોર્ષમાં રોજ 2-3 કલાક થીયરી લેકચર હોય છે અને ત્યારબાદ ઇન્ડસ્ટ્રીઝમાં જઇને કામ કરવાનું હોય છે.

### BSW (બેચલર ઓફ સોશ્યલ વર્ક)

BSW સમાજ–સેવાને સંબંધિત કોર્ષ છે. સામાજિક કાર્યમાં રસ–રૂચી ધરાવતા તેમજ ખાસ કરીને ગ્રામ્ય કક્ષાએ સામાજિક કાર્ય અંગેની કારકિર્દી ઘડવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી કોર્ષ છે. પછાત, રોગી, ગરીબ, હિંસાગ્રસ્ત, અને કુદરતી આપતીનો ભોગ બનેલા લોકોની સેવા કરવાની તક મળે છે.

### CA (ચાર્ટડ એકાઉન્ટન્ટ)

CA ફાઇનાન્સ અને એકાઉન્ટિંગને લગતો પ્રોફેશનલ કોર્ષ છે. જે વિદ્યાર્થીઓને મેથ્સ ગમતું હોય, ફાઇનાન્સમાં રસ હોય અને ધીરજ રાખીને આર્ટિકલશિપ કરી શકે તેમ હોય તેમના માટે CA એક ઉત્તમ વિકલ્પ છે. આ અભ્યાસક્રમમાં 3 લેવલ હોય છે. (1) CA ફાઉન્ડેશન (2) CA ઇન્ટરમિડીયેટ અને (3) CA ફાઇનલ. ધોરણ–12 પછી ફાઉન્ડેશન કોર્ષમાં રજિસ્ટ્રેશન કરાવી શકાય છે અને સામાન્યપણે 5 થી 6 વર્ષનો સમય લાગે છે. ગ્રેજ્યુએશન પછી ડાયરેક્ટ ઇન્ટરમિડીયેટ કોર્ષમાં રજિસ્ટ્રેશન થાય છે જેમાં અંદાજીત 4 વર્ષનો સમય લાગે છે. ગુજરાતમાંથી દર વર્ષે અંદાજિત માત્ર 500 જેટલા વિદ્યાર્થીઓ જ CAની પરીક્ષા પાસ કરી શકે છે. CAની સાથે સાથે કોઇ એક ગ્રેજ્યુએશન કરવુ હિતાવહ છે. ખાસ કરીને B.Com. વધારે અનુકુળ આવશે.

### CS (કંપની સેક્રેટરી)

બેંક અને લિમીટેડ કંપનીઓમાં કાયદાકીય, વહીવટી, ડોક્યુમેન્ટેશન, કોર્પોરેટ ગવર્નન્સ અને ધંધાકીય વ્યવહારો માટે CSની જરૂરિયાત હોય છે. બીઝનેસ અને કો–ઓપરેટીવ લો, શેર માર્કેટ, ઇન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ, કોર્પોરેટ ગવર્નન્સ, કન્ઝ્યુમર પ્રોટેક્શન લો, ઇન્સ્યોરન્સ અને CSR વગેરે જેવા ક્ષેત્રોમાં પણ સારી કેરિયર બનાવી શકાય છે. આ ઉપરાંત રેવન્યુને લગતા કામકાજ માટે પણ જરૂર પડે છે.

### LLB (વકીલ)

વકીલનું મુખ્ય કામ કાયદાકીય સલાહ અને અસીલો માટે ક્રિમીનલ અને સિવીલ કેસ લડવાનું છે. ઇન્ટીગ્રેટેડ (BBA / B.Com / BA + LLB) કોર્ષ કરવા માટે 5 વર્ષનો સમય લાગે છે. LLB પૂર્ણ કર્યા બાદ થોડા વર્ષોનો અનુભવ મેળવીને પ્રાઇવેટ પ્રેક્ટીસ શરૂ કરી શકાય છે. GPCS / UPSC પાસ કરીને જજ બની શકાય છે.

**90% વિદ્યાર્થીઓ BBA / BCA / B.Com./ BA માં એડમિશન મેળવે છે.**

## ધોરણ 12 સામાન્ય પ્રવાહ પછી કોર્ષ પસંદ કરવા માટેના પરીબળો

- **CA/CS** ફાઇનાન્સ, ઓડીટ અને એકાઉન્ટીંગ ક્ષેત્રમાં કેરીયર માટે. 5 થી 6 વર્ષ ભણવાની અને સખત મહેનત કરવાની તૈયારી.
- **BBA** ઓફિસ એક્ઝીક્યુટીવ જોબ અથવા માર્કેટિંગમાં ફીલ્ડ જોબ. અંદાજીત 70% જોબ્સ સેલ્સ અને માર્કેટીંગની હોય છે.
- **B.Com.** એકાઉન્ટીંગ અને ટેક્સેશનમાં (ઇન્કમટેક્સ, GST, વગેરે) રસ હોય એમના માટે ઓફિસ જોબ.
- **BCA** IT ક્ષેત્રમાં પ્રોગ્રામર, ડેવલોપર, ડીઝાઇનર કે ટેસ્ટર. Girls સરળતાથી સફળ કેરીયર બનાવી શકે છે.
- **BA** શિક્ષક બનવાની ઈચ્છા હોય તો BA કર્યા બાદ B.Ed. કરી ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં નોકરી.
- **BSW** કોઈ પણ પરીસ્થિતીમાં સખત મહેનત તેમજ સમાજસેવા કરવાની ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીઓ માટે જ.
- **B.Voc.** કંપનીમાં ટેકનિશિયન તરીકે જોબ કરવા માટે. જોબ સરળતાથી મળી જાય છે પણ પગાર વધારો મર્યાદીત છે.
- **LLB** કાયદાના ક્ષેત્રમાં કેરીયર બનાવવી હોય એટલે કે વકીલ કે જજ બનવા માટે.

## ધોરણ 12 સામાન્ય પ્રવાહ પછીના અભ્યાસક્રમો અને કેરીયર ઓપર્ચ્યુનિટી

| ક્રમ | કેરીયર | વાર્ષિક ફી[1] | કેરીયરની શરૂઆતમાં અંદાજીત મંથલી આવક[2] | 15-20 વર્ષ પછી મંથલી આવક[3] | ગુજરાતમાં દર વર્ષે નવી માંગ | નોકરીની તકો |
|---|---|---|---|---|---|---|
| 1 | CA | – | 30 હજાર થી 50 હજાર | 1 લાખ થી 3 લાખ | 500 | સ્થિર છે |
| 2 | CS | – | 30 હજાર થી 50 હજાર | 1 લાખ થી 3 લાખ | 200 | સ્થિર છે |
| 3 | BCA | 30 હજાર થી 80 હજાર | 15 હજાર થી 30 હજાર | 50 હજાર થી 2 લાખ | 20,000 | ઝડપથી વધે છે |
| | BCA + MCA | – | 30 હજાર થી 1 લાખ | 1.5 લાખ થી 5 લાખ | 15,000 | ઝડપથી વધે છે |
| 4 | BBA | 30 હજાર થી 80 હજાર | 12 હજાર થી 20 હજાર | 50 હજાર થી 1 લાખ | 10,000 | સ્થિર છે |
| | BBA + MBA | – | 20 હજાર થી 1 લાખ | 1.5 લાખ થી 3 લાખ | 5,000 | સ્થિર છે |
| 5 | B.Com. | 30 હજાર થી 80 હજાર | 8 હજાર થી 20 હજાર | 50 હજાર થી 1 લાખ | 5,000 | સ્થિર છે |
| 6 | LLB | – | 12 હજાર થી 20 હજાર | 1 લાખ થી 3 લાખ | 2,000 | સ્થિર છે |
| 7 | B.Voc. | 30 હજાર થી 80 હજાર | 8 હજાર થી 20 હજાર | 50 હજાર થી 1 લાખ | 3,000 | સ્થિર છે |
| 8 | BA | 30 હજાર થી 80 હજાર | 8 હજાર થી 20 હજાર | 50 હજાર થી 1 લાખ | 3,000 | સ્થિર છે |

1: વાર્ષિક ફી પ્રાઇવેટ (SFI) કોલેજોની છે. 2: 2022-23ના માર્કેટ સર્વે પ્રમાણે. 3: જો કોઈએ 2005માં કેરીયર સ્ટાર્ટ કરેલ હોય તો 2022-23માં અંદાજીત મંથલી આવક.
# આ એનાલિસીસ 90% વિદ્યાર્થીઓના આધારે છે. 10% અપવાદરૂપનો સમાવેશ નથી. આવકનું ધોરણ નોકરીયાતના પગારના આધારે છે, બિઝનેસની આવકના આધારે નહી.

## ગર્લ્સ માટે ક્યો વિકલ્પ સરળતાથી સફળ કેરીયર બનાવવા માટે ઉત્તમ છે?

### BCA + MCA, કારણકે તે સરળતાથી સ્વનિર્ભર થઇ શકે છે.



- **નેક્સ્ટ જનરેશન ડિજિટલ મધર** બનવા માટે, ભવિષ્યમાં ખુબ જ અગત્યની બાબત બની રહેશે.
- **સોફ્ટ બ્રાન્ચ, ફક્ત ઓફિસ જોબ,** સાઇટ પર જવાનું કે ફિઝીકલ વર્ક હોતું નથી.
- **જેન્ડર(સ્ત્રી/પુરૂષ) ભેદભાવ વગરનું વર્ક કલ્ચર.**
- મોટા ભાગની આઈ.ટી કંપનીઓમાં **5 Days/Week** હોય છે અને **જોબ ટાઈમીંગ પણ ફ્લેક્સિબલ** હોય છે.
- **લોકલ ટુ ગ્લોબલ જોબ (રાજકોટ થી અમેરિકા સુધી).** વિદેશમાં સ્થાયી થવા માટે પણ ઘણી સારી તકો છે.
- **રાજકોટમાં** અંદાજે **500** કરતાં વધારે **IT કંપનીઓ** છે, જેમાં **5,000** કરતાં વધારે **આઇ.ટી પ્રોફેશનલ્સ** કામ કરી રહ્યા છે.
- 3+2 વર્ષનો અભ્યાસક્રમ, **ફીનું એફોર્ડેબલ ધોરણ,** સરળતાથી એડમિશન.
- **હાયર સેલેરીમાં** સરળતાથી **પ્લેસમેન્ટ,** ઝડપી **સેલેરી** ગ્રોથ, ઇન્ટરનેશનલ **વર્ક કલ્ચર.**

## કોર્ષની પસંદગી કેવી રીતે કરવી?



**કોર્ષની પસંદગી...**

...એ **ચપટી વગાડવા** જેટલુ સરળ છે.

| બિઝનેસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે | જોબ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે | પ્રોફેશનલ બનવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે |
|---|---|---|
| 1. BBA | 1. BCA | 1. CA |
| 2. B.Com. | 2. B.Com. | 2. CS |
| 3. BCA | 3. BBA | 3. LLB |



# EXPERT OPINIONS

> **સામાન્ય પ્રવાહના મોટા ભાગના કોર્ષ સોફ્ટ સ્કીલ્સ આધારીત હોવાથી એવી જ કોલેજ પસંદ કરવી જોઈએ કે જેમાં સોફ્ટ સ્કીલ્સ પર ખાસ ભાર મુકવામાં આવતો હોય.**
> (Attitude, Confidence, Commitment, Critical Thinking, Maturity, Stress Handling, Team Work, etc.)

> **ગુજરાતમાંથી દર વર્ષે આશરે 500 વિદ્યાર્થીઓ CAની પરીક્ષા પાસ કરે છે, જયારે 6000 વિદ્યાર્થીઓ ડોક્ટર (MBBS) બને છે.**
> **ધો. 12 સામાન્ય પ્રવાહમાં દર વર્ષે અંદાજે 3,50,000 વિદ્યાર્થીઓ પાસ થાય છે.**

> **સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓએ ગ્રેજ્યુએશન બાદ પોસ્ટ–ગ્રેજ્યુએશન કરવું હિતાવહ છે.**
> (MBA, MCA, etc.)

> **ગર્લ્સ માટે સરળતાથી સફળ પ્રોફેશનલ કેરીયર બનાવવા માટે BCA બેસ્ટ ઓપ્શન છે.**

આ બુકલેટનો ઉદ્દેશ માર્ગદશન માટે છે. બુકલેટમાં આપેલ માહિતી માટે પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતા કોઈપણ ભુલચૂક હોય તો તેના માટે અમે દીલગીર છીએ. વિદ્યાર્થીઓને અપીલ છે કે પોતાની આર્થિક, કૌટુંબિક, શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાના આધારે માતા–પિતા સાથે ચર્ચા કરીને કેરીયરની પસંદગીનો નિર્ણય કરવો જોઈએ.

**Darshan UNIVERSITY**
યોગ: કર્મસુ કૌશલમ્

**University Campus**
Rajkot-Morbi Highway,
Rajkot – 363650
9727747310
www.darshan.ac.in

**Counseling Centre**
401, Lotus Arcade, 8 - Royal Park,
Between KKV Circle & Indira Circle
150 Ft. Ring Road, Rajkot - 360005.
7096979973, 7096979952